658

**બક્ષીપંચ હસ્તક ચાલતા ૧૭ તાલીમ સહ ઉત્પાદન કેન્દ્રો માટેની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૨૦૦૬/૩૦૬/યુ.ઓ.૩/અ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- 31 MAR 2008

<u>વંચાણે લીધાં</u> :-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંકઃસશપ/૧૪૨૦૦૭/યુ.ઓ. ૨/અ, તા.૧/૬/૦૭

૨. કમિશ્નર કુટીર અને ગ્રામોદ્યોગની ફાઈલ ક્રમાંકઃતલમ/૭૪૭/જી.૩/ ૨૦૦૭ થી સિંગલ ફાઈલ સિસ્ટમથી કરેલ દરખાસ્ત

<u>ઠ રા વઃ-</u>

વંચાણે લીધેલ ક્રમાકઃ(૧)માં દર્શાવેલ આ વિભાગના તા.૧-૬-૦૭ના ઠરાવથી કુટીર ઉદ્યોગ ખાતા હસ્તકના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેના ૧૭ તાલીમ-સહ-ઉત્પાદન કેન્દ્રો માટે મંજુર થયેલ મહેકમની કુલ ૧૪૨ જગ્યાઓને તા.૨૮/૨/૦૭ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગએ આ જગ્યાઓને વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી તા.૨૮/૨/૦૯ સુધી ચાલુ રાખવાની દરખાસ્ત કરતાં કુલ ૧૪૨ જગ્યાઓ પૈકી દહેગામ તથા હાલોલ તાલીમ કેન્દ્રની રેકટર કમ સુપ્રિ.ની કુલ બે જગાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી હોવાથી આ બે જગ્યાઓ એબેયેન્સમાં રાખી બાકી ૧૪૦ જગ્યાઓને તા.૨૮/૨/૦૯ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨ અંદાજપત્રમાં સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ-૦૩ પછાતવર્ગોનું કલ્યાણ-૨૭૭-શિક્ષણ-(૨૨) બીસીકે-૧૧૫ તાલીમસહ ઉત્પાદન કેન્દ્રોનો નિભાવ અને વિકાસ (સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો) હેઠળ ઉધારવાનો રહેશે. અને તે હેઠળ વર્ષ-૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાંણાસલાહકારશ્રીની તા.૨૫/૩/૦૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(સી.ડી.જાડેજા)**
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
-કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજય, ગાંધીનગર
-નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજય, ગાંધીનગર
-મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ
-પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
-ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-નાણાં શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-ફાઈલ ક્રમાંકઃસશપ/૧૪૨૦૦૬/૩૦૬/અ માં રાખવા સારૂ.
-સિલેકટ ફાઈલ

ટીઆરવી-૯૨